PH-001-003209 Seat No. ______

# B. J. M. C. (Sem. II) (CBCS) (W.E.F. 2010) Examination

**March / April - 2020**

## Translation & Language Improvement

*(Elective Group A)*

**Faculty Code : 001**

**Subject Code : 003209**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

1 નીચેનામાંથી કોઈ **એક** ફકરાનું ગુજરાતી અથવા હિન્દીમાં ભાષાંતર કરો. **14**

Savarkundla (Amreli) : Weddings and extensive rituals go hand in hand. But in Khadasali village, 30 km from Savarkundla in Amreli district, religious beliefs take a step beyond. Here, no vows are exchanged – be it a Hindu wedding or a Muslim one – without first paying obeisance at the Peer Baba dargah. And, so it's no surprise seeing SRP jawan Mahesh Bagda religiously doing the rounds of the dargah for the past 10 days praying for a 'happily ever after' wedding and bright career. Bagda is set to tie the knots on Thursday. This is a tradition that has no exception and brides and grooms not only from Khadasali but also from nearby villages make a beeline to the dargah before embarking on their conjugal journey. In fact, the dargah plays a crucial role on all auspicious work. Locals do not initiate any work without praying at the dargah. So, why is Khadasali dargah different, when Hindus visiting dargahs is not an uncommon practice ? Peer Baba dargah stands tall in a village comprising 1,500 people, which doesn't have a single member from the Muslim community. That's the difference. Patels and Brahmins have been preserving this shrine, praying here regularly for nearly 200 years now. Khadasali truly shines as example of communal amity especial amid the acrimonious politics over the destruction of shrines and religious intolerance.

**અથવા**

SURAT : A local court on Thursday issued death warrant against a 23-year old man, who was given capital punishment for rape and murder of a three-year-old girl in Godadara area in 2018. The warrant states that the convict Anil Yadav will hang in Ahmedabad Central Jail at 4.30 am on March 29, said Nayan Sukhadwala, district government pleader, Surat. The court of additional sessions judge PS Kala on Thursday issued the death warrant against Yadav, whose plea challenging the July 2019 sentence was rejected by the Gujarat high court in December last year, thereby confirming capital punishment. "This was rarest of rare case and will send out a strong message in the society. He, however, has the legal option to challenge the death penalty in Supreme Court," said Sukhadwala. The girl had gone missing on October 14, 2018 and her body was found stuffed in a plastic bag the next day from Yadav's house. Yadav, a labourer in textile unit, lived on the ground floor of the same building where the minor lived with her family on the upper floor. Her father and Yadav were friends. Yadav, was convicted for rape, murder, unnatural sex and attempt to destroy the evidences. Prosecution had demanded capital punishment stating that it was a rarest of rare crime considering the brutality that the girl was subjected to.

**2** નીચેનામાંથી કોઈ **એક** ફકરાનું અંગ્રેજીમાં ભાષાંતર કરો : **14**

**રાજકોટ** : શહેરના જાણીતા તબીબ ભૂજબળના ઘરમાં ગઈકાલે રાત્રે ચોર ત્રાટકયા હતાં અને રોકડ તથા ઘરેણાં મળી કુલ રૂ. ૯.૬૦ લાખની ચોરી કરી હતી. શહેરના યુનિવર્સિટી રોડ પર હોસ્પિટલ ધરાવતા ડૉ. ભૂજબળ પોતાના વતન નાગપુર ગયા હતા. છેલ્લા એક અઠવાડિયાથી ડૉ. ભૂજબળનો કાલાવડ રોડ પર આવેલો બંગલો બંધ હતો. આ તકનો લાભ ઉઠાવી ગઈકાલે રાત્રે ચોર બંગલાના પાછળના ભાગમાં આવેલી બારી તોડી બંગલામાં ઘૂસ્યા હતા. આ અપરાધી કૃત્ય આચરવામાં ત્રણ લોકો સામેલ હોવાનું પોલીસનું પ્રાથમિક અનુમાન છે. બંગલામાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે પરંતુ આ વાત જાણતા ચોરે બંગલામાં જઈ સૌ પ્રથમ કેમેરા જ તોડી નાખ્યા હતા. જે થોડું રેકોર્ડિંગ કેમેરામાં થયું છે તેમાં ત્રણ લોકો બુકાની

બાંધેલા નજરે પડે છે. બંગલાનો પાછળનો દરવાજો લોખંડના સળિયાથી તોડવામાં આવ્યાનું પોલીસનું માનવું છે. બાદમાં ડૉ. ભૂજબળનો પરિવાર વતનથી પરત ફર્યો ત્યારે તેમને ઘરમાં ચોરી થયાનું જણાયું હતું. ડૉ. ભૂજબળે તાકીદે પોલીસને જાણ કરી હતી. ડૉ. ભૂજબળે રૂ. ૩ લાખ રોકડા અને રૂ. ૬.૬૦ લાખની કિંમતના દાગીના ચોરાયાનું જણાવ્યું હતું. ડૉ. ભૂજબળે પોલીસ ફરિયાદ નોંધવી હતી. પોલીસે શંકાને આધારે કેટલીક વ્યક્તિની અટકાયત કરી છે. વધુ તપાસ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર ચલાવે છે.

**અથવા**

રાજકોટ : ટેક્નોલોજી વિકસવવાની સાથે તેનો દુરુપયોગ કરીને છેતરવાના કિસ્સા પણ સમાજમાં વધી રહ્યા છે. આવા જ કિસ્સામાં રાજકોટમાં એક નાના વેપારીના ક્રેડિટ કાર્ડ દ્વારા અન્ય કોઈએ લાખો રૂપિયાની ખરીદી કર્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. થોડી બેદરકારીને કારણે આ નાના વેપારી અજયસિંહને મોટી રકમ ગુમાવવાનો વારો આવ્યો છે. અજયસિંહની દુકાનેથી નિયમિત ખરીદી કરતા પ્રદીપકુમાર નામના યુવાને પોતે બેન્કમાં કામ કરે છે અને ક્રેડિટ કાર્ડ કઢાવી આપશે, તેમ કહ્યું હતું. ક્રેડિટ કાર્ડથી મોટો લાભ થશે તેવી પ્રદીપકુમારની વાત પર ભરોસો રાખી અજયસિંહે જરૂરી દસ્તાવેજો આપ્યા હતાં. એક અઠવાડિયામાં ક્રેડિટ કાર્ડ મળી જશે તેમ પ્રદીપકુમારે જણાવ્યું હતું. એક અઠવાડિયા સુધી પ્રદીપકુમાર નિયમિત રીતે અજયસિંહની દુકાને આવતો રહ્યો. એ પછી પ્રદીપકુમાર લાપતા બની ગયો હતો અને અજયસિંહની દુકાને પણ આવતો ન હતો. થોડા દિવસ વીતી ગયા બાદ અજયસિંહને બેન્ક તરફથી એક પત્ર મળ્યો. જેમાં રૂ. ૩.૬૦ લાખની ક્રેડિટ કાર્ડથી ખરીદી થયાનું જણાવાયું હતું. આ જાણીને અજયસિંહ ગભરાયા હતાં અને બેન્કે દોડી ગયા હતા. અંતે ખ્યાલ આવ્યો કે, અજયસિંહના દસ્તાવેજનો ઉપયોગ કરી પ્રદીપકુમારે ક્રેડિટ કાર્ડ કઢાવી તેનો દૂરુપયોગ કર્યો હતો. અજયસિંહે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રદીપકુમારને પોલીસ શોધે છે. પોલીસ તપાસ રાજકોટ 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા ચાલે છે.

**3** નીચેનામાંથી કોઈ એકનો જવાબ આપો : **14**

(1) અનુવાદના વિવિધ પ્રકાર સમજાવો.

(2) 'અનુવાદમાં વિવિધ વાક્ય રચનાઓનો ઉપયોગ કરતા પહેલા પૂર્ણ વિચાર કરવો જોઈએ'. વિધાનનાં સંદર્ભમાં વાક્યના પ્રકારો વર્ણવો.

4 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) 14

(1) કાવ્યાનુવાદ

(2) નાટકનો અનુવાદ

(3) અનુવાદની ભાષા

5 ટૂંકમાં જવાબ આપો : (ગમે તે **બે**) 14

(1) વિજ્ઞાપનનો અનુવાદ કઈ રીતે થાય છે ? વિજ્ઞાપનના અનુવાદનું મહત્ત્વ સમજાવો.

(2) રાષ્ટ્રીય વિકાસમાં અનુવાદની ભૂમિકા સમજાવો.

(3) પારિભાષિક શબ્દોનું ભાષાંતર એટલે શું ? તે કઈ રીતે થાય છે ?

---